<u>નવી બાબત ૨૦૨૦-૨૧</u>

સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુગલોને સમૂહલગ્ન માટે આપવામાં આવતી સહાય તેમજ લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ આપવામાં આવતી સહાયમાં વધારો કરવા બાબત રૂ.૧૨૦.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૦/૫૪૨૧૨/ન.બા.-૬૯/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૪/૦૮/૨૦૨૦

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૮/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/જન/ન.બા./૨૦૧૯-૨૦/૮૬ તથા તા.૩૦/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/જન/ન.બા./સા.ફે/૨૦-૨૧/૮૨૧

<u>આમુખઃ-</u>

લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકો દ્વારા દેખાદેખીથી બિનજરૂરી ખર્ચ કરવામાં આવતો હોય છે. આવા પ્રસંગે તેઓ દેવું કરીને પણ ખર્ચ કરે છે અને પછી આર્થિક મુશ્કેલીઓ વેઠે છે. આ સંજોગોમાં જો સમૂહ લગ્નની પ્રથા અપનાવવામાં આવે તો વ્યકિતગત લગ્ન પ્રસંગે થતો બિનજરૂરી ખર્ચ નિવારી શકાય. આવી પ્રથાને પ્રોત્સાહન આપવા સારૂ સમૂહલગ્નમાં ભાગ લેનાર નવયુગલોને પ્રોત્સાહક પુરસ્કાર આપવા અંગેની યોજના અમલીત છે. હાલમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના સમુહ લગ્નમાં ભાગ લેનાર યુગલને રૂ.૧૦,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવે છે તથા લગ્ન આયોજક સંસ્થાને યુગલ દીઠ રૂ.૨,૦૦૦/- (રૂ.૫૦,૦૦૦/-ની મર્યાદામાં) આપવામાં આવે છે. આ યોજના હેઠળ સહાય મેળવવા માટે ગ્રામ્ય વિસ્તારના લાભાર્થી માટે વાર્ષિક રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂ.૧,૫૦,૦૦૦/- ની આવક મર્યાદા છે. છેલ્લા ૭ વર્ષથી તેમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી. હાલના પ્રવર્તમાન સંજોગોમાં મોંઘવારીમાં

(P.T.O.)

દિન પ્રતિદિન વધારો થતો હોવાને કારણે લગ્નના ખર્ચામાં વધારો થવા પામેલ છે. જે ધ્યાને લેતાં યુગલોને અપાતી હાલની રૂ.૧૦,૦૦૦/- ની સહાય અપુરતી જણાય છે. વળી, વધુ સંખ્યામાં યુગલો સમુહલગ્ન આયોજનમાં જોડાય અને લગ્ન આયોજક સંસ્થાઓ પણ આવા સમૂહલગ્ન સમારંભો યોજવા પ્રેરાય તે હેતુસર યુગલોને આપવામાં આવતી હાલની પ્રોત્સાહક સહાયમાં વધારો કરવો જરૂરી જણાય છે. આથી સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુગલોને સમૂહલગ્ન માટે આપવામાં આવતી સહાય રૂ.૧૦,૦૦૦/-થી વધારીને રૂ.૧૨,૦૦૦/- તેમજ લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ આપવામાં આવતી સહાય રૂ.૨,૦૦૦/-થી વધારીને રૂ.૩,૦૦૦/- (૨૫ યુગલ માટે રૂ.૭૫,૦૦૦/-ની મર્યાદામાં) કરવા માટેની ૪૦૦૦ લાભાર્થી યુગલ માટેની રૂ.૧૨૦.૦૦ લાખની નવી બાબત માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે સાતફેરા સમુહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુગલોને સમૂહલગ્ન માટે આપવામાં આવતી સહાય રૂ.૧૦,૦૦૦/-થી વધારીને રૂ.૧૨,૦૦૦/- તેમજ લગ્ન આયોજક સંસ્થાને યુગલદીઠ આપવામાં આવતી સહાય રૂ.૨,૦૦૦/-થી વધારીને રૂ.૩,૦૦૦/- (૨૫ યુગલ માટે રૂ.૭૫,૦૦૦/-ની મર્યાદામાં) કરવા માટેની ૪૦૦૦ લાભાર્થી યુગલ માટેની રૂ.૧૨૦.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ વીસ લાખ પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી નંબર: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩-પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૮૦૦-અન્ય ખર્ચ, પેટા સદર: ૦૧-ઓબીસી-૧૬ સામાજિક ઉત્થાન અને વિકાસ માટે નાણાંકીય સહાય (મામેરૂ, સમૂહલગ્ન, શિક્ષણ શિબિરો, એવોર્ડ વગેરે), બાબત નંબર: (૬) સાતફેરા સમુહ લગ્ન યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના યુગલોને સહાય રૂ.૧૨,૦૦૦/- અને આયોજક સંસ્થાને સહાય યુગલદીઠ રૂ.૩,૦૦૦/- હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(P.T.O.)

(૪) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ